# નહેરુ સેન્ટરની નવનિર્મિત લાઇબ્રેરી વિવિધ સુવિધાઓથી સજ્જ

મુંબઇ, તા. ૧૭ : વરલી સ્થિત નહેરુ સેન્ટરની નવનિર્મિત લાઇબ્રેરીનું તાજેતરમાં કેન્દ્રના કૃષિપ્રધાન અને નહેરુ સેન્ટરના ચેરમેન શરદ પવારના હસ્તે ઉદ્‌ઘાટન કરાયું હતું. આ લાઇબ્રેરીમાં વિવિધ વિષયના લગભગ પચીસ હજારથી વધુ પુસ્તકો છે. એ ઉપરાંત પંડિત જવાહરલાલ નહેરુ તથા મહાત્મા ગાંધી વિષેનાં પુસ્તકોનો સંગ્રહ પણ છે. અહીં વિવિધ અખબાર, જર્નલના લેખોનું ઇન્ડેક્સીંગ, ડોક્યુમેન્ટેશન પણ કરાય છે અને રોજેરોજ તેને અપડેટ કરાય છે. લાઇબ્રેરીમાં વિવિધ ભાષાનાં અખબાર ઉપરાંત વિદેશી અને ભારતીય સામયિકો સાથે સાયબર સેન્ટર અને ઓડિયોવિઝ્યુઅલ સેવા પણ ઉપલબ્ધ છે. લાઇબ્રેરી વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓ માટે કાર્યશાળા પણ યોજે છે. અહીં ઉપલબ્ધ છ કોમ્પ્યુટર દ્વારા ઇન્ટરનેટ અને મલ્ટિમીડિયા સીડી-રોમનો ઉપયોગ કરી શકાય છે. જાહેર જનતા સવારે ૧૦.૩૦થી સાંજે પાંચ વાગ્યા સુધી લાઇબ્રેરીની સુવિધાઓનો ઉપયોગ કરી શકે છે. વધુ વિગત માટે ટે.નં. ૨૪૯૮૩૯૨૧ પર સંપર્ક કરી શકાશે.